ઉમાશંકર જોશીનું જીવન- સાહિત્યસર્જન

ગાંધીયુગના આંદોલનો ઝાલીને તૈયારી થયેલા, ત્રીશીના કવિઓમાંના મુખ્ય એક, ગુજ.યુનિ ના ભાષાભવનના અધ્યક્ષને પછી કુલપતિ, સંસ્કૃતિ માસિકના તંત્રી ઉમાશંકર જોશી કવિ, વિવેચક, નાટયકાર, વાર્તાકાર, ભાષાંતરકાર, પત્રકાર, સંશોધનકાર સંપાદક તરીકે વિધવિધ સ્વરૂપે ગુજ. સાહિત્યમાં પ્રગટયાં છે. આ વિદ્યાપુરુષની સારસ્વત અવિરત ચાલુ રહી છે.

પશ્ચિમના સાહિત્ય પ્રવાહીનો ઘનિષ્ટ સંપર્ક રાખવા ઉપરાંત સંસ્કૃત મહાકાવ્યોને પુરાણોનું ઊંડું પરિશીલન તેમણે કર્યું છે. દેશ પરદેશના રાજકીય સાંસ્કૃતિક બળાબળોના એ સતત માર્મિક પર્યેષક રહ્યાં છે. સુન્દરમ્‌ની સર્જક લીલાને મુકાબલે ઉમાશંકરની સાહિત્ય સમૃદ્ધિ વિશાળને વૈવિધ્યવંતી છે. અધ્યયન, અધ્યાપન P.E.N ને સાહિત્ય આકાદમી જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલા, આંતર રાષ્ટ્રીય સંપર્ક ધરાવતા ઉમાશંકર પર ઠાકોરને ટાગોની વધારે અસર છે જ્યારે સુંદરમ્, ઠાકોર, ગાંધીજીને અરવિંદથી પ્રભાવિત છે.

ગુજ. સાહિત્યે ઉમાશંકરની સારસ્વતો પાસાનાને ભિન્ન ભિન્ન પુરસ્કારીથી નવાજી છે. 'ગંગોત્રી' ને રણજિતરામ સુવર્ણચંદ્રકથી, પ્રાચીનાને નર્મદ સુવર્ણચન્દ્રને મહિડા પારિતોષિકથી, નિશીથને જ્ઞાનપીઠના પુરસ્કારથી સાક્ષારને સર્જકવર્ગમાં તો સુકુમાર પ્રકૃતિના ઉમાશંકર પ્રિય રહ્યાં છ છે. એમના પ્રથમ ગ્રંથ વિશ્વ શાંતિને ઠાકરોને કાલેલકરે ઉજળો આવકાર આપીને સત્કાર્યા હતા. ઉમાશંકરનું પ્રધાન વ્યકિતત્વ કવિનું છે.

કવિ ઉમાશંકર :

વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ, આતિથ્ય, વસંતવર્ષા, પ્રાચીન ને મહાપ્રસ્થાન ઉમાશંકરના કાવ્યગ્રંથો છે જેમાં છેલ્લા બે પદ્યનાટકો છે નર્મદથી શરૂ થયેલી આર્વાચીન કવિતાના લગભગ બધા ઉત્તમ લક્ષણો ઉમાશંકરની કવિતામાં સુપેરે આર્વિચીન પામ્ય છે. પ્રકૃતિને માનવીના સંબંધો, ભવ્યતાઓનો વાસ્તવનો સુમેળ, ચૂસાયેલા ગોટલાથી માંડીને વિશ્વશાંતિને વિરાટપ્રણય સુધીના વિષયો, છંદને પદ્ય સ્વરૂપનાં અવનવા પ્રયોગો લલિત કોમલ પદાવલિને રમતિયાળ શૈલીના ગીતો ચિંતન કાવ્યો બધું જ ઉમાશંકરમાં મળશે. સુંદરમ્‌ની કવિતા પ્રથમ કડવી વાણી રૂપે પ્રગટ થઈ ઉમાશંકરની વિશ્વશાંતીના ગંભીર સંદેશ સાથે ખંડકાવ્યના રૂપમાં ગંગોત્રીમાં સાથે ખંડકાવ્યના ગંગોત્રીમાં વૈવિધ્યસભર રૂપગુણ જોવા મળે છે. કવિની પ્રતિભાનો જ્વલંત ઉન્મેષ નિશીથમાં જોવા મળે છે. વિરાટ પ્રણય કાવ્યો અહિં ઉમેરાય છે. વિરાટ પ્રણય ઠાકોરના આરોહણ પછીનું એ પ્રકારનું નોંધપાત્ર કાવ્ય અહીં છે. આતિથ્યમાં પ્રકૃતિ, પ્રણયને આત્મ ચિંતનના ઉર્મિકાવ્યો છે. એમા પાદપૂર્તિઓ પણ છે. વસંતવર્ષા સર્જનની નવરાશનો હળવો ફાલ લાવશે. સર્જન વૃત્તિ આરામ કરતી અહીં લાગી આવે છે. ઉમાશંકરની પ્રતિભાને એ કદાચ માફક ન આવે. પ્રાચીના ને મહાપ્રસ્થાનથી ઉમાશંકરની કવિતા પદ્યનાટકો એક નવોજ પંથ શરૂ કરે છે. પ્રાચીના ૭ પદ્ય નાટકોમાં કર્ણ-કૃષ્ણ, ગાંધારી વિશેષ કળા સિદ્ધ છે.

પ્રાચીનામાં પૌરાણિક ભવ્યતાને ગૌરવવાળા વિષયવસ્તુની માંડણી છે. એમાં ક્રિયાત્મક ઘટના અલ્પ હોવા છતાં એની ભાષાશૈલી આર્ષ વાતાવરણ, ઉચિત સંવાદો, વર્ણ સામજસ્ય, પ્રાસબહુલત્વ, આકર્ષક, છંદોભંગિ નોંધપાત્ર છે. મહાપ્રસ્થાનમાંથી વસ્તુની પસંદગી લેખકે કરી છે. કવિની સળંગ નાટયયોજ કરવાની કુશળતા, પ્રાચીનામાં હતી તે સંસ્કૃતમયતાની ગેરહાજરી, વનવેલીનો પ્રયોગ પણ અહીં જોઈ શકાય છે. મંથરા આ ગ્રંથની ઉત્તમ કૃતિ છે. પરલક્ષિતા ભાણી ઉમાશંકરની કવિતા ઢળતી થઈ હોય એવું લાગે છે. કવિને નાટયકારનો સુયોગ બહુધા ઉમાશંકર જાળવી શકયા છે. સુંદરમ્ જેવા વિસ્ફોટ ભર્યા ઉર્મિ આવેશ ઉમાશંકરમાં નથી. ઉમાશંકર કાંઈક ટાઢાને શાણા છે. Romantic નહિ Classical વિશેષ છે. કવિ સંપત્તિમાં કદાચ આ બેમાં સુંદરમ્ ચડે. ઉમાશંકરની કવિતા ગુજરાતી કવિતાના ૧૯૩૦ પછીના પ્રવાહોના દર્પણ જેવી સ્વચ્છ ને પ્રતિનિધિ કવિતા ગણાય.

વિવેચક :

સર્જક ઉમાશંકરનું વિવેચક તરીકેનું વ્યકિતત્વ પણ ગુણાઢય ને શ્રીસંપન્ન છે. એમની વિવેચનામાં સહૃદય મર્મજ્ઞ બહુશ્રુત વિવેચકની અભ્યાસ નિષ્ઠા, કવિ સહજ સર્જકતા અને અભિજાત રસિકતાનો સુમેળ થયો છે. વ્યાસવાલ્મિકી, કાલિદાસ જેવા પ્રતાપી પૂર્વજોની પ્રશિષ્ટ કૃત્તિઓ એમણે વિવેચી છે. માનવીની ભવાઈ, દીપનિર્વાણ,

પ્રતિક, છંદોલય જેવી કૃતિઓને અવલોકી છે. સાહિત્યના સ્વરૂપો, શૈલી અને સિદ્ધાંતોની વિસ્તૃત આલોચના પણ એમણે કરી છે. કૃતિનિષ્ઠ ને સૈદ્ધાંતિક વિવેચન આપનાર ઉમાશંકરે કવિતાનું વિવેચન વિશેષ કર્યું છે. એમના વિવેચન ગ્રંથો છે - સમસંવેદન, અભિરુચિ, શૈલી ને સ્વરૂપ, નિરીક્ષા, કવિની સાધના, શ્રી અને સૌરભ આદિ સમસંવેદન કવિની સાધના, મંત્રકવિતા એમના મનનીય લેખો છે. મહાભારતથી લઈને આજની કવિતા સુધીના પ્રયોગોને ઉમાશંકરે તલસ્પર્શી અભ્યાસ કરીને સાહિત્યતત્વ તથા કાવ્ય વિશેની આપણી વિભાવના પરિષ્કૃત કરી છે કૃત્તિ અને સર્જકને યથાર્થ સંદર્ભમાં અવલોકવાની દિશા ચીંધી છે ને કલારુચિ કેળવવાનું કપરું કામ બજાવ્યું છે. સાહિત્યના ગ્રંથમણિઓનાં રસાવલોકનો સાહિત્ય, પ્રવાહોના દિગ્દર્શનો, ગુજરાતી ને વિદેશી સર્જક પ્રતિભાઓના વિવેચનાત્મક પરિચયો ઉમાશંકરે આપ્યા છે. એમનો સાહિત્યવિચારને સહિત્ય અભિગમ સુસ્પષ્ટ છે. પૂર્વ પશ્ચિમના રસસિદ્ધાંતોનો તાઝગીભર્યોને ગહન, પર્યોષાત્મક અનુભવ ઉમાશંકરની વિવેચના. શકિતને સતત પરિમાર્જિત રાખતો રહ્યો છે. ઊંચા સહૃદયના ગુણો હોવાને કારણે એમની વિવચેનામાં સ્પષ્ટ ભવિષ્ય હોવા છતાં કટુત્વ કયાંય નથી. એમની વિશાળ અભ્યાસવૃત્તિને પરિણામે વ્યાપકદષ્ટિકોણથી થયેલા એમનાં મૂલ્યાંકનો આથી જ પક્ષાપક્ષીથી રહિત હોય છે. ઉમાશંકરની વિદ્યાપ્રતિભામાં કવિ અને વિવેચક બંનેની યુગવદ્ સ્થિતિ રહી છે.

અખો એક અધ્યયનમાં ને પુરાણોમાં ગુજરાતમાં સંશોધક ઉમાશંકરની પ્રવૃત્તિ અન્ય અભ્યાસીઓ માટે ઉપકારક ગણાય તેવી છે. અખા વિશે એમણે માર્મિક વિચારણા પૂરતી સજ્જતાથી કરી છે. અખાને સમજવા માટે એ ગ્રંથ આજેય અનિવાર્ય ગણાય. આ ઉપરાંત ઠાકોર કૃત ‘મ્હારા સોનેટ’, બાળાશંકરના ‘કલાન્ત કવિ’, હરિશ્ચંદ્ર ભટ્ટના ‘સ્વપ્ન પ્રયાણ’નું સંપાદન કર્યું છે. તો રા.વિ.પાઠક સાથે ધ્રુવ આનંદશંકરના લેખ સંગ્રહોનું પણ સંપાદન કર્યું છે. આ સંપાદન પ્રવૃત્તિ પણ વિવેચન પ્રવૃત્તિની અંતર્ગત સમાવી શકાય.

અન્ય સર્જન :

ગુલે પોલાંડ, શાકુંતલ, ઉત્તરરામચરિતના ચોકસાઈ પૂર્વકનાને પ્રાસાદિક અનુવાદો એમણે કર્યા છે. અને ઊંચા ભાવકની પ્રતીતિ કરાવી છે. ‘પારકા જણ્યાં’ ઉમાશંકરની માત્ર એક નવલકથા છે તો શ્રાવણી મેળો અન વિસામોમાં ઉમાશંકરની ટૂંકવાર્તાઓ સંગ્રહાઈ છે. ‘ગોષ્ઠી’ અને ‘ઉઘાડીબારી’માં ઉમાશંકરે નિબંધો આપ્યાં છે. ‘સાપનારભારા’ અને ‘શહીદ’ બે એકાંકી સંગ્રહો છે. આમાં ‘સાપના ભારા’ના એકાંકીહો નોંધપાત્ર છે. ગ્રામજીવનની સૃષ્ટિ ઉમાશંકરનાં એકાંકીમાં પામીને જીવંત બની છે. તળપદી બોલીનો એમાં સામર્થ્યપૂર્વક ઉપયોગ થયો છે. એકાંકીના સ્વરૂપની માવજત અને કલાસિદ્ધિ દર્શાવતો આ સંગ્રહ એકાંકીના વિકાસમાં એક મહત્ત્વનું સોપાન ગણાવ્યો છે. જો કે એમાં સાહિત્યનાં તત્વ ઝાઝાને તખ્તાલાયકીના ઓછા છે.

વિષ્ણુપ્રસાદે ઉમાશંકરને મૂલવતાં સાચું જ કહ્યું છે કે - સકુમાર હૃદય, તેજસ્વી બુદ્ધિ, સમર્થ કલ્પનાને ઊંડા ચિંતનથી સમૃદ્ધ વ્યકિતવાળા ઉમાશંકર આપણા અગ્રણી કવિ સાહિત્યના અનેક પ્રાન્ત સરકરનાર સાહિત્યકાર, ગુજરાતની સૂક્ષ્મ સંપતી છે. એમની કૃત્તિઓનો ઉલ્લેખ બીજા પ્રાંતો આગળ આપણે ગૌરવથી કરી શકીએ છીએ અને માનીએ છીએ કે બીજા પ્રાંતોમાં પણ એમના જેવા સાહિત્યકાર ગણતર જ હશે...!

૧૯૩૯-૪૦માં ઉચ્ચારાયેલા આ શબ્દો આજે ચાર દાયકા પછી સાચા પૂરવાર થયા છે એટલું જ નહિ વધારે ગંભીરને સમૃદ્ધ કરવાની જરૂર સાગે એટલા ન્યૂન પણ લાગે છે...! ઉમાશંકરની વિકસેલી સારસ્વત પ્રતિભાનું એ મહદ્ ગૌરવ છે.

- ડૉ. અમી. એલ. રાવલ
શ્રી એમ.પી શાહ આર્ટસ્ એન્ડ સાયન્સ કોલેજ,
સુરેન્દ્રનગર

....